## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ગાંધર્વ દશરથલાલ શંકરલાલ
(૧૯૪૮) મો. ૯૪૨૬૫૧૯૭૮૫

# અછતગ્રસ્ત વિસ્તારોમાં ૯૧ ઘાસ ડેપો શરૂ કરાયા

## ૧૧ લાખ કીલો ઘાસચારાનું કીલોદીઠ રૂ. બે ના રાહત દરે વિતરણ થયું : ૧૫ કીલોમીટરની ત્રિજ્યામાં ગ્રામ - કલસ્ટર દીઠ ઘાસડેપો શરૂ કરવાના આદેશો

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં અપૂરતા વરસાદના કારણે સર્જાયેલી પશુધન માટેના ઘાસચારાની વિકટ સ્થિતિને પહોંચી વળવા માટે, યુધ્ધના ધોરણે ઉપલબ્ધ ઘાસચારાનું વ્યાપક ફલક ઉપર વ્યવસ્થાપન અને વિતરણની સુઆયોજિત કાર્યયોજનાની સમીક્ષા કરવામાં આવી હતી અને અછતગ્રસ્ત વિસ્તારોની પાંજરાપોળ ગૌશાળા તથા સ્વૈચ્છિક સંસ્થા/ટ્રસ્ટના શરૂ કરાતા ઢોરવાડામાં પશુદીઠ દૈનિક રૂા. ૨૫ની સહાય આપવાના નિર્ણયો કરવામાં આવ્યા હતા.

અછતગ્રસ્ત વિસ્તારોમાં અત્યારે પ્રતિ કીલોના રૂા. બે ના રાહતભાવે ૧૧ લાખ કીલો ઘાસ અછતગ્રસ્ત તાલુકાઓના ઘાસડેપો ઉપરથી વિતરણ થઈ રહ્યું છે તેને વધુ વ્યાપક ફલક ઉપર વિસ્તારીને પશુધન માટે ઘાસચારો સુગમતાથી મળી રહે તે માટે ૧૫ કી.મી.ની ત્રિજ્યામાં ગામોમાં કલસ્ટર વચ્ચે ઘાસ ડેપો ખોલવાની સૂચનાઓ આપવામાં આવી છે, તેમજ પાંચ કરોડ કિલોગ્રામ ઘાસ ખૂલ્લા બજારોમાંથી ખરીદવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા અને અછતગ્રસ્ત વિસ્તારોની પાંજરાપોળ ગૌશાળાઓને પશુદીઠ દૈનિક રૂા. ૨૫ લેખે રાહત ચૂકવવા અને મામલતદારની મંજૂરીથી નોંધાયેલી સંસ્થા/ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવતા ઢોરવાડાને પણ પશુદીઠ દૈનિક રૂા. ૨૫ની સહાય ચૂકવવાના આદેશોને બહાલી આપી હતી.

રાજ્ય સરકારના પ્રવકતા, આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને જા રાજ્ય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રાજ્ય મંત્રીમંડળની બેઠકના નિર્ણયોની ભૂમિકા આપતા જણાવ્યું કે રાજ્યના પશુધનને પૂરતો ઘાસચારો મળી રહે એ માટેના અછતના વ્યવસ્થાપનની કાર્યયોજના અને જિલ્લા અછત રાહત કન્ટીજન્સી પ્લાનમાં પ્રાથમિકતા આપવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ નાણાંમંત્રીશ્રી વજૂભાઈ વાળાના અધ્યક્ષસ્થાને રચેલી વરિષ્ઠ મંત્રીશ્રીઓની ઉચ્ચ સત્તાધારી સમિતિએ તા. ૭ મી ઓગસ્ટ અને તા. ૨૧મી ઓગસ્ટની બેઠકોમાં પશુધનના ઘાસચારા માટે લીધેલા નિર્ણયોના અમલની આજે મંત્રીમંડળની બેઠકમાં વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રવકતા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે હાલ, રાજ્યમાં કીલો દીઠ રૂા. બેના રાહત દરે ૯૧ ઘાસ ડેપો ઉપરથી ઘાસચારાનું વિતરણ થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૧ લાખ કીલો ઘાસ માલધારી પશુપાલકોને રાહતદરે વહેચ્યું છે અને હજુ વધુ ઘાસડેપોની જરૂરિયાતને ધ્યાનમાં લઈ યુધ્ધના ધોરણે અછતગ્રસ્ત વિસ્તારોમાં દરેક ૧૫ કીલોમીટરની ત્રિજ્યામાં ગ્રામ કલસ્ટર બનાવી નવા ઘાસડેપો શરૂ કરી દેવાશે. આ ઉપરાંત ખૂલ્લા બજારમાંથી ટેન્ડર દ્વારા ખરીદાઇ રહેલા વધુ પાંચ કરોડ કિલોગ્રામ ઘાસચારાનું પણ કીલોદીઠ રૂા. બે ના રાહતભાવે પશુપાલકોને વિતરણ કરવાના આદેશો આપ્યા છે.

## ઈન્ફોસિટીમાં યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ઈન્ફોસિટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે નિ:શુલ્ક યોગ શિબિરનું આયોજન આગામી તા. ૨૪ થી ૨૬ ઓગષ્ટ દરમ્યાન સવારે ૭ વાગે કરવામાં આવ્યું છે. રસ ધરાવતા સૌને આ શિબિરમાં જોડાવવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ઈટાદરામાં ચિકનગુનિયાના રોગથી લોકો પરેશાન : ૨૫થી વધુ કેસો નોંધાયા

માણસા, તા. ૨૨

માણસાના ઈટાદરા ગામમાં એક વિસ્તારમાં છેલ્લા સપ્તાહથી ચિકનગુનિયાના રોગે માથુ ઉંચકયું છે. જેમાં ગામમાં આરોગ્ય કેન્દ્ર હોવા છતાં ડોકટર નહીં હોવાના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. અને માણસા ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ મોંઘો ખર્ચ કરવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાના ઈટાદરા ગામે છેલ્લા સપ્તાહથી જુના બસસ્ટેન્ડ પાસેના આસપાસના વિસ્તારોમાં ચિકનગુનિયાનો વાવર શરુ થયો છે અને અત્યાર સુધીમાં ૨૫ લોકો આ રોગનો શિકાર બન્યા છે. ત્યારે આ બાબતે ગામના અગ્રણી શનાભાઈપટેલે આ રોગચાળો પાણીનો ભરાવો અને આ વિસ્તારમાં વધેલી ગંદકીને લીધે ફેલાયો છે. અને બીજી તરફ ગામમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવા છતાં તેના ડૉકટર ગોસ્વામી એક વર્ષથી ટ્રેનિંગમાં ગયા છે અને ચાર્જના ડોકટર સપ્તાહમાં માત્ર એકવાર આવે છે ત્યારે ગામના દર્દીઓને આવા રોગચાળા સામે ના છૂટકે માણસા જઈ પ્રાઈવેટ ડોકટરોની મોંઘી સારવાર લેવી પડે છે. આ બાબતે ગાંધીનગર જિલ્લા પંચાયત તથા આરોગ્ય ખાતામાં વારંવાર ડોકટર મુકવા અંગે લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતાં પરિણામ શુન્ય છે. જો આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરવામાં નહિ આવે તો આ રોગચાળો સમગ્ર ગામમાં ફેલાવવાની શકયતાઓ રહેલી છે.

## સગિરાને માતા બનાવનાર આરોપીને કલોલ પોલીસે ઝડપી પાડયો

કલોલ, તા. ૨૨

રાજસ્થાનથી બે વર્ષ પૂર્વે એક સગિરાનું અપહરણ કરી તેની સાથે જાતીય સંબંધ બાંધી તેને કુંવારી માતા બનાવનાર મધ્યપ્રદેશના શખ્સને આજે કલોલ તાલુકા પોલીસે પલોડીયા ગામેથી ઝડપી પાડયો હતો. પોલીસે આજે આરોપીને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે તા. ૨૫ ઓગષ્ટ સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતાં.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ બનાવની હકિકત એવી છે કે રાજસ્થાનના પોલદેવ ગામના એક શ્રમિક પરિવારની ૧૪ વર્ષીય સગીરાને મધ્યપ્રદેશના ખેડી ખાતે રહેતો શખ્સ ચેનસિંગ ભુનાભાઈ ગુડીયાએ બે વર્ષ પૂર્વે રાજસ્થાનથી અપહરણ કર્યું હતું. ત્યારબાદ આરોપી સગીરાને ગુજરાતમાં લાવ્યો હતો. આરોપી છેલ્લા બે વર્ષથી ગુજરાતમાં રહી મજુરી કરતો હતો. આ દરમિયાન તેણે અનેકવાર સગીરા સાથે જાતિય સંબંધો બાંધ્યા હતા અને તેણીને કુંવારી માતા બનાવી હતી જેથી હાલ તેને ૧૩ માસનું બાળક છે અને ઉપરાંત ૮ માસનું ગર્ભ પણ રહેલું છે. જે અંગે સગિરાએ કલોલ તાલુકા પોલીસ મથકે અપહરણ અને બળાત્કારની ફરિયાદ આપતા પોલીસે ગત રોજ આ આરોપીની ધરપકડ કરી અને તેના વિરુધ્ધ અપહરણ તથા બળાત્કારનો ગુનો નોંધી કોર્ટમાં રજુ કર્યો હતો. કોર્ટે આ આરોપીની વધુ તપાસ કરવા આગામી તા. ૨૫ ઓગષ્ટ સુધી તેના રીમાન્ડ મંજુર કર્યા છે. આ સમગ્ર બનાવ અંગે કલોલ તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. એ.ડી. ગોહિલ તપાસ ચલાવી રહ્યા છે.



કોંગ્રેસની ઘરનું ઘર સ્કિમને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. સતત ત્રીજા દિવસે જુદા જુદા વિસ્તારોમાં ફોર્મ લેવા માટે લાઈનો લાગી હતી.

## નર્મદા બંધમાં પાણીનો આવરો આવતા કેનાલ દ્વારા કેટલાક જળાશયો ભરાયા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં ઉપરવાસમાંથી પાણીની આવક થતાં કમાન્ડ કેનાલ દ્વારા રાજયના કેટલાક જળાશયો પાણીથી ભરી દેવામાં આવ્યા છે. જયારે અછતગ્રસ્ત ૩૦૦ ગામોમાં ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.

આજે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં રાજયના પાણી પૂરવઠા અને સિંચાઈ વિભાગના મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ઉપરવાસમાં વરસાદ થતાં સરદાર સરોવર નર્મદા બંધમાં ૩.૫૦ લાખ કયુસેક પાણીની આવક થતાં નર્મદા બંધની જળસપાટી ૧૨૪ મીટરે પહોંચતાં બંધ પરના વીજમથક કાર્યરત થઈ ગયા છે.

તેમણે જણાવ્યું હતું કે ઉપરવાસમાંથી ૪.૫ લાખ કયુસેક પાણીનો આવરો આવતાં બંધની જળસપાટી આવતીકાલ સવાર સુધીમાં ૧૨૪ મીટરે પહોંચી જશે.

ઉપરવાસમાંથી પાણીનો આવરો આવતા અને નર્મદા બંધ ઓવરફલો થતાં કેનાલ દ્વારા રાજયના કેટલાક જળાશયો ભરી દેવામાં આવ્યા છે. આથી રાજયમાં પીવાના પાણીની સમસ્યા હળવી બનશે. તેમણે ઉમેર્યું હતું કે રાજયના અછતગ્રસ્ત અંદાજે ૩૦૦ ગામોમાં પીવાનું પાણી ટેન્કરો દ્વારા પહોંચાડવામાં આવી રહ્યું છે.

કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે નર્મદા બંધ પર દરવાજા મૂકવાની કેન્દ્રએ મંજુરી ન આપતાં મોટા પ્રમાણમાં પાણી દરિયામાં વહી જવા પામ્યું છે. જો દરવાજા મૂકવા દેવા મંજૂરી આપવામાં આવી હોત તો પાણી બચાવી શકાયું હોત અને બે વર્ષ ચાલે તેટલું પાણી સંગ્રહ કરી શકાયું હોત.

# ડીસાનું નવું બસ સ્ટેન્ડ ગંદકીમાં ગરકાવ : મુસાફરો ત્રાહીમામ

ડીસા, તા. ૨૨

ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલ નવા બસ સ્ટેન્ડમાં ગંદકીની સમસ્યાનો અંત નથી. ડીસા એસટી ડેપોના જવાબદાર અધિકારીઓના પાપે અદ્યતન અને આલિશાન બસ સ્ટેન્ડ નર્કાગારમાં ફેરવાયું છે. જેના કારણે મુસાફરો ભારે ત્રાહીમામ પોકારી ગયા છે.

ડીસા શહેરના અદ્યતન અને ભવ્ય બસ સ્ટેન્ડમાં ગંદકીની સ્થિતિ સોનાની થાળીમાં લોઢાની મેખ પુરવાર થઈ છે. સફાઈના અભાવે કચરાના ઢગલા જામ્યા છે. અહીં આવેલ શોપીંગ સેન્ટરોને લઈ બસ સ્ટેન્ડમાં મિની બજાર સાબિત પુરવાર થયું છે ત્યારે વેપારીઓ દ્વારા આડેધડ ફેંકાતો કચરો ઉકરડામાં ફેરવાયો છે. બસ સ્ટેન્ડના સંડાસના કુવા ઉભરાઈ રહ્યા છે. મુસાફર હોલમાં પણ પારાવાર ગંદકી જોવા મળી રહી છે. મુસાપરો ને બેસવાના બાંકડા ઉપર પણ ગંદકી જોવા મળી રહી છે. બસ સ્ટેન્ડમાં મુસાફરોના આનંદ પ્રમોદ માટે બનાવાયેલ ફુવારો પણ કચરા પેટીમાં ફેરવાઈ ગયો છે. શહેરની મધ્યે આવેલ જુના બસ સ્ટેન્ડને ગંદકીની ગર્તામાં ધકેલનાર બસ સ્ટેન્ડના અધિકારીઓ અદ્યતન નવા બસસ્ટેન્ડને પણ જુના બસ સ્ટેન્ડ જેવી હાલત કરવા બેઠા હોય તેમ જણાઈ રહ્યું છે. બસ સ્ટેન્ડમાં વેપારીઓ દ્વારા ગંદકીની સાથે દબાણ કરી કરી દેવાયા છે. ત્યારે એસટી ડેપોમાં મેનેજર સમગ્ર બાબત સામે આંખ આડા કાન કરી મુસાફરોને હાડમારીમાં ધકેલી રહ્યા છે. સમગ્ર રાજયમાં ડીસાનું બસ સ્ટેન્ડ બાંધકામ અને મોકળાશને લઈ નંબરવન છે. પરંતુ અધિકારીઓની લાપરવાહીને કારણે બદનામ બની ગયું છે ત્યારે પાલનપુર એસટી વિભાગના ડીસી દ્વારા આ બાબતની ગંભીર નોંધ લઈ ડીસા એસટી ડેપો અધિકારીને નોટીસ ફટકારી કાયદેસરના પગલાં ભરવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

## શબ્દાવલી - ૪૮૨૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | █ | ૪ | |
| | █ | █ | ૫ | | | | █ |
| ૬ | ૭ | ૮ | █ | | █ | ૯ | ૧૦ |
| █ | ૧૧ | | | █ | ૧૨ | | |
| █ | ૧૩ | | █ | █ | ૧૪ | | █ |
| ૧૫ | | | █ | ૧૬ | | █ | ૧૭ |
| | █ | █ | ૧૮ | █ | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | | | █ | ૨૨ | | |

**આડી ચાવી**

૧. પ્રયોગશાળા (૫)
૪. ભમરો, ભ્રમર (૨)
૫. અત્યારે હળહળતો... ચાલે છે (૪)
૬. ચાકર, નોકર (૩)
૯. એક નદી, મારે... સાગરને આરે ઢોલ વાગે છે... (૨)
૧૧. ડફ, એક વાદ્ય (૩)
૧૨. ચેતેલ ના હોય તેવું (૩)
૧૩. વચન, વાયદો (૨)
૧૪. સાજન (૨)
૧૫. બહાદૂર (૩)
૧૬. કુરબાન થવું, ... થવું (૨)
૧૯. આશરો, તેરી... મેં હમેં રખના (૩)
૨૧. અડધી રાત (૪)
૨૨. દૃષ્ટિ (૩)

**ઊભી ચાવી**

૧. ચોર, લૂંટારો (૩)
૨. ટંકાવાથી થતો અવાજ (૨)
૩. અમદાવાદનો એક રોજ જે એક ટોકીઝના નામથી ઓળખાય છે (વીજળીઘર) (૩)
૪. દુરંદેશી (૫)
૭. લાડકવાયુ, ... માં ઉછરેલું (૪)
૮. ઠંડીમાં ગળે વીંટાળવાનું ઉનનું કપડું (૪)
૧૦. કલ્યાણ (૨)
૧૨. પોતાનાપણુ (૫)
૧૫. કાયદો, રિવાજ (૩)
૧૭. પહોર, ઘડી (૩)
૧૮. વાર્તા - વિચાર, વાયુ (૨)
૨૦. અભિયાન, ગર્વ (૨)

### શબ્દાવલી ૪૮૨૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરામદાયક (૬) સજન (૭) ગળો (૮) માદા (૯) અસ્વીકાર (૧૦) નરક (૧૨) જવ (૧૪) મધ (૧૬) કામળો (૧૭) જામફળ (૧૯) ગોળી (૨૦) લપલપીયું (૨૧) સજા

**ઊભી ચાવી :-** (૧) આસમાન (૨) રાજદાર (૩) મન (૪) યશસ્વી (૫) માળો (૭) ગરજ (૧૧) કમળો (૧૩) વરાળ (૧૫) દામ (૧૬) કાજલ (૧૭) જાળીયું (૧૮) ફણસ (૧૯) ગોપી

## સિનેમાની ટિકીટો સાથે નાસ્તાની કૂપન માટે ફરજ પાડી શકાશે નહીં

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં ગ્રાહક સુરક્ષા કાયદા અંતર્ગત ગ્રાહકોને રક્ષણ આપવા રાજય સરકાર કટિબદ્ધ છે. રાજયના મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહોમાં ગ્રાહકોને સિનેમાની ટિકીટો સાથે નાસ્તાની કુપન ખરીદવા માટે ફરજ પાડવામાં આવે છે. જે ગ્રાહકોના અધિકારની વિરુદ્ધ છે. ગ્રાહક સુરક્ષા કાયદામાં ગ્રાહકોને રક્ષણ મળેલું છે કે સિનેમાની ટિકીટો સાથે નાસ્તાની કુપન ખરીદવા દબાણ કરવું તે ગેરવ્યાજબી વેપારનીતિ છે. આવા અપ્રમાણિક વાણિજ્યિક વ્યવહારો થતા હશે તો જે તે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતો, ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે.

# સતત બીજીવાર વિશ્વના ગ્લોબલ ટોપ-૫૦ ફ્રી ઝોન્સમાં દહેજ સેઝને ગૌરવવંતુ સ્થાન

ગાંધીનગર, તા. ૨૨

ઉદ્યોગ રાજય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગુજરાતના ગણમાન્ય ઔદ્યોગિક ક્ષેત્ર-દહેજ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન **(DAHEJ SEZ)**ને ફરી એકવાર ગ્લોબલ ફ્રી ઝોન્સના ટોપ-૫૦ વિશ્વના ફ્રી ઝોન્સમાં ગૌરવવંતુ સ્થાન આ વર્ષે પણ મળ્યું છે એમ આજે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ઉદ્યોગ રાજયમંત્રીશ્રીએ ગ્લોબલ ટોપ-૫૦ ફ્રી ઝોન્સના સર્વે અને દહેજ **SEZ**ની ગૌરવવંતી સિધ્ધિની રૂપરેખા આપતાં જણાવ્યું કે વિશ્વખ્યાત **FDI** મેગેઝિન દ્વારા વિશ્વના ૧૨૦ જેટલા દેશોના મળીને ૬૦૦થી વધુ **Free Zones**નો આ સર્વે થયો હતો અને ન્યાયિક પેનલે ફ્રી ઝોન્સના ગુણવત્તાના બધા જ પેરામિટર્સને ધ્યાનમાં રાખી દહેજનો ટોપ-૫૦ ફ્રી ઝોન્સમાં સમાવેશ કર્યો છે. વિશ્વના ૨૪ જેટલા દેશોમાં આ ટોપ-૫૦ ફ્રી ઝોન્સ આવેલા છે અને ભારતમાં એકમાત્ર દહેજ **SEZ**ને આ ગૌરવ પ્રાપ્ત થયું છે.

મુખ્યમંત્રીશ્રીની આર્થિક અને ઔદ્યોગિક વિકાસની પારદર્શી નીતિઓ અને સુશાસનની પ્રતિબધ્ધતાના કારણે વિશ્વના ટોપ-૨૫ ફ્રી ઝોન્સની શ્રેણીમાં પણ આ અગાઉ હિન્દુસ્તાનના એકમાત્ર દહેજ-**SEZ**ને માન્યતા મળી હતી.

આ વર્ષે ૨૦૧૨-૧૩ના વર્ષ માટે બીજા વિશ્વવ્યાપી આર્થિક ઝોન માટેના વિશ્વખ્યાત **FDI** મેગેઝીનના સર્વેમાં પણ ટોપ-૫૦ ફ્રી ઝોનમાં દહેજને ૨૬મા ક્રમે સ્થાન આપવામાં આવ્યું છે જે ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિની વૈશ્વિક શાખની આગવી ઓળખ છે.

દહેજ **SEZ** ૧૭૩૨ હેકટર વિસ્તારમાં મલ્ટી પ્રોડકટ **SEZ** તરીકે ગુજરાત સરકારના જીઆઈડીસી અને ભારત સરકારના **ONGC** વચ્ચેની સંયુકત ભાગીદારીથી વિકાસ થયો છે જેમાં ૬૮ એકમોને જમીનના પ્લોટ ફાળવેલા છે અને વાણીજ્યક ધોરણે ઉત્પાદન તથા નિકાસકર્તા એકમોએ રૂા. ૩૫૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરેલું છે. ધબકતા દહેજ **SEZ**માં હાલ ૨૬,૫૦૦ લોકોને રોજગારી મળી રહી છે અને રૂા. ૮૬૫ કરોડની નિકાસના લક્ષ્ય હાંસલ કરેલા છે એમ તેમણે જણાવ્યું હતું.

## મૃતક ખેડૂતોના પરિવારને કોંગ્રેસ એક લાખ આપશે

અમદાવાદ, તા. ૨૨

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીની સૂચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દુષ્કાળના સમયમાં પાક નિષ્ફળ જતા આત્મહત્યા કરનાર ગુજરાતના ખેડૂતોને કોંગ્રેસ પક્ષ દ્વારા રૂા. ૧ લાખ સહાય આપવામાં આવશે. અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલા તથા સ્થાનિક કોંગ્રેસના આગેવાનો સાથે તા. ૨૩.૮.૧૨ને ગુરુવારના રોજ આત્મહત્યા કરનાર રાજકોટ જીલ્લાના મૃતક પરિવારના કુટુંબીજનોને રૂબરૂ મળીને સાંત્વના પાઠવશે અને તેમને રૂા. ૧ લાખનો ચેક સહાયરૂપે અર્પણ કરવામાં આવશે. આ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા જયંતિલાલ પરમારે જણાવ્યું હતુંકે, આ આગેવાનો આવતીકાલે સવારે ૧૦ વાગે રાજકોટ સરકીય હાઉસમાં પહોંચશે ત્યાંથી મૃતક ખેડૂતોના ગામોમાં જઈ તેમના પરિવારના સહાયના ચેકો અર્પણ કરશે.

## કરોડો રૂપિયાની જમીન વેચી મારવાના કૌભાંડનો પર્દાફાશ

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ જિલ્લાની આસપાસ આવેલી કરોડોની જમીન બારોબાર વેચી મારવાના કૌભાંડનો પર્દાફાશ એલસીબીએ કરી ચાર આરોપીઓને ઝડપી લીધા છે. ત્યાર બાદ ગરીબ ખેડૂતોની જમીન બારોબાર વેચી મારનાર ભૂ માફિયાઓ સાથે અન્યોની પણ સંડોવણી હોવાની વિગત પ્રકાશમાં આવી છે. આ મામલે સચોટ તપાસ કરવા માટે પોલીસે આરોપીઓના સાત-સાત દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

એલસીબીએ બાતમીના આધારે બાવળાના માધવ કોમ્પ્લેક્ષમાં રેડ કરી કાશીરામ કોળી પટેલ, નવઘણ જેસિંગભાઈ કોળી પટેલ, ચહેર ધીરુભાઈ ચૌહાણ અને કિરણસિંહ જિતેન્દ્રસિંહ ચૌહાણને ઝડપી લીધા હતા. તે સમયે ઘટના સ્થળેથી પોલીસને ૩૧ જમીનના દસ્તાવેજ સહિતનો મુદ્દામાલ મળતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ત્યાર બાદ આ કેસની તપાસ બાવળા પોલીસને સોંપવામાં આવી હતી. જેથી બાવળા પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ માગતી અરજીમાં જણાવ્યું હતુ કે, આરોપીઓ પાસેથી ૧૫ ચૂંટણી કાર્ડ મળી આવ્યા છે તે બોગસ છે કે કોના છે, બે વ્યક્તિના મરણના દાખલા મળી આવ્યા છે તે કોના છે અને કેવી રીતે મેળવ્યા.ı, આ કેસમાં અન્ય લોકો પણ ભૂ માફિયાઓ સાથે સંડોવાયેલાની પુરે પુરી શંકા છે, આરોપીઓ નોટરીનો ચોપડો સાથે રાખતા હતા તો તે ચોપડો ક્યાંથી અને કોની પાસેથી લાવ્યા, આરોપીઓ પાસેથી મળેલા સંખ્યાબંધ ફોટોગ્રાફસ કોના છે અને કેવી રીતે મેળવ્ય સહિતના વિવિધ મુદ્દાની તપાસ કરવા માટે તેમણે ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. મેજિસ્ટ્રેટે બન્ને પક્ષની રજુઆત સાંભળી ચારે આરોપીઓને સાત-સાત દિવસના રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો છે.

# રાજસ્થાનના અમરતિયા ગામના ભાજપના કાર્યકરે પોલીસના ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

હિંમતનગર, તા. ૨૨

રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના આસપુર તાલુકાના અમરતિયા ગામના ભાજપ યુવા મોરચાના કાર્યકરે મંગળવારની રાત્રીના પોલીસના ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેને સારવાર માટે હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગે હોસ્પિટલના ડોક્ટરે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના આસપુર ખાતે સમાનતા મંચ દ્વારા સોમનદીપુલ ગોલ વિસ્તારમાં ૨૦મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ વાગે ઓ.બી.સી. અને જનરલના આરક્ષણ માટેનો કાર્યક્રમનું આયોજન કર્યું હતું જે સમાનતા જનમંચમાં ડુંગરપુર જિલ્લાના આસપુર તાલુકાના અમરતિયા ગામના ૩૨ વર્ષીય કમલેન્દ્રસિંહ હિંમતસિંહ ચુંડાવત જે જિલ્લા ભાજપ યુવા મોરચાના કાર્યકર અને ઉપરાંત ઓ.બી.સી. અને જનરલના આરક્ષણ માટે સમાનતા મંચના સંયોજક તરીકે કાર્ય કરે છે. જેમના ઘરે કમલેન્દ્રસિંહના દાદા ભૈરવસિંહ ચુંડાવતને ઘરે ૧૯મી ઓગષ્ટના રોજ રાત્રીના આસપુર પોલીસમથકની પોલીસે કમલેન્દ્રસિંહ ચુંડાવતને ૨૦મીએ યોજાનાર કાર્યક્રમમાં ભાગ નહિ લેવા માટેની જાણ કરી હતી. પરંતુ કમલેન્દ્રસિંહ ચુંડાવત ૨૦ ઓગષ્ટના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સાંજે સમાનતા મંચના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને પોતાને પોલીસ દ્વારા કરાયેલી જાણ વિષે વાકેફ કર્યા હતા.

ત્યારબાદ ૨૧મી ઓગષ્ટ મંગળવારના રોજ રાત્રીના આસપુરથી પોતાના ગામે અમરતિયા પોતાની સ્કોર્પિયો કારમાં કમલેન્દ્રસિંહ હિંમતસિંહ ચુંડાવત આવી રહ્યા હતા ત્યારે અંદાજે ૯ વાગેના સમયે આસપુરના થાનેદાર બાબુભાઈ મુરારીયાએ કમલેન્દ્રસિંહ હિંમતસિંહ ચુંડાવતની કાર ગામ નજીક રોડ પર રોકી તેમાં તપાસ કરી હતી અને સમતા મંચ છોડી દેવા કહ્યું હતું. અને મને લાફો પણ માર્યો હતો અને તારૂ એનકાઉન્ટર કરાવી દઈશ તેવી ધમકી પણ આપી હતી અને કહેલ કે ડુંગરપુર એસ.પી. રાહુલ જૈન મારા ખાસ છે તેમ કહી થાનેદાર જતા રહ્યા હતા. આથી તેણે ઝેરી દવા લઈને કોલ્ડ્રીક્સમાં મિક્ષ કરી ગામ નજીક રોડ પર થાનેદારના ત્રાસ અને ધમકીના કારણે ઝેરી દવા પી લીધી હતી.

## બેંક હડલાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે ઉલ્લેખનીય છે કે હડતાલ પૂર્વે લેબર કમિશ્નર દ્વારા વાટાઘાટો માટે બેંક યુનિયનો સાથે મંત્રણા યોજાઈ હતી. પરંતુ આ મંત્રણા નિષ્ફળ જતા હડતાલ પાડવાનો નિર્ણય લેવાયો હતો. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને જાહેર કરેલી હડતાલમાં તમામ નાના મોટા યુનિયનો જોડાયા હતા. સરકાર અને આઈબીએ બેંક યુનિયનોની માંગણીઓ સાંભળી ન હતી. કર્મચારીઓનો વિરોધ હોવા છતાં ૨૨મી ઓગષ્ટે લોકસભામાં બેંકિંગ લોઝ એમેન્ડમેન્ટ બિલ લાવવામાં આવી રહ્યું છે જેનો કર્મચારીઓ ખુબ વિરોધ કરી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં બેંક હડતાલ હોવાથી ખાતા ધારકોને તકલીફોનો સામનો કરવો પડયો હતો. મોટા ચેક અટવાઈ ગયા હતા. ઘણા બેંકોના એટીએમ પણ બંધ થઈ જતાં વસાહતીઓને તકલીફ પડી હતી.